# મોડાસા મદીના મસ્જિદ નજીક શોપિંગ સેન્ટરનું બાંધકામ અટકાવવા નગરપાલિકાનો મનાઈ હૂકમ

## જમાલવાવ વિસ્તારમાં આનંદ છવાયો : શોપિંગ સેન્ટરના માલિકને આધાર પુરાવાર રજુ કરવા આદેશ : જમાલવાવના પ્રજાજનો દ્વારા દબાણ તોડી પાડવા માંગ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાન મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારની મખદૂમ ચોકડીથી જમાલવાવ રોડ પર આવેલી મદીના મસ્જીદની નજીક ગેરકાયદેસર રીતે તાણી બાંધેલ શોપિંગ સેન્ટર અને ફલેટના મંજુરી વગર લીધેલા બાંધકામને તોડી પાડવા તેમજ શોપિંગે સન્ટરને અડીને પસાર થતા ૧૧ કેવીની વીજલાઈનથી ૧ ફૂટ શોપિંગ સેન્ટરના માલીક દ્વારા લોખંડની સીડી તાણી બંધાતા અહીંથી પસાર થતા પ્રજાજનોને ગમે ત્યારે વીજકરંટ લાગવાનો ભય પેદા થતા લઘુમતી સમાજના અગ્રણીઓ અને મદીના મસ્જીદના ટ્રસ્ટીઓએ નગરપાલિકામાં આવેદનપત્ર આપવામાં આવતા નગરપાલિકા તંત્ર દ્વારા શોપિંગ સેન્ટરનું બાંધકમ અટકાવી દેવા નોટીસ ફટકારતા શોપિંગ સેન્ટરનું નિર્માણ કરનાર માલિક બાંધકામ અટકાવી દે છે કે ચાલુ રહે છે તે જોવુ રહ્યું.

મોડાસાના કોલેજ રોડ પર આવેલી મખદૂમ ચોકડીથી જમાલવાવ રોડ પર મદીના મસ્જીદની બાજુમાં આવેલ સર્વે નં. ૩૫૫-૧/૨ ડીમાંબીલ્ડર દ્વારા જરૂરી મંજુરી મેળવ્યા વગર શોપિંગ સેન્ટરની સ્કીમ ચાલુ કરી બાંધકામનું કામકાજ ફટાફટ આટોપી લેવાની તૈયારીમાં જ હતો ત્યાં મદરેસા જામીઆ મીફતાહુલ ઉલમના મેનેજીંગ ટ્રસ્ટી કાસીમ ખેરાડા સહિતના અગ્રણીઓએ આ



ગેરકાયદેસર બાંધકા તોડી પાડવા નગરપાલિકા પ્રમુખને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે બીલ્ડર શાહનવાજ ઈસ્માઈલ દાદુએ સર્વે ૩૫૫-૧/૨ડી માં શોપીંગ સેન્ટર અનેફલેટની સ્કીમ મુકી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી હોવાનું જણાવી તાકીદે દબાણ દૂર કરવાની માંગ કરતા નગરપાલિકા પ્રમુખે ટાઉન એન્જીનીયર દેવાંગ સોનીને આદેશ આપતા દેવાંગ સોનીએ મંગળવારે સાંજના સમયે સ્થળ પર પહોંચી પંચનામુ કરી નગરપાલિકા તંત્ર દ્વારા આ શોપિંગ સેન્ટરનું બાંધકામ અટકાવી દેવા નોટીસ ફટકારી મનાઈહૂકમ ફરમાવતા જમાલવાવ વિસ્તારમાં રહેતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. નગરપાલિકા તંત્રની બાંધકામ શાખાની ટીમ મંગળવારે સાંજે ઘટનાસ્થળે પહોંચતા અને શોપિંગ સેન્ટરના માલિક દ્વારા નગરપાલિકાની મંજુરી લેવાઈ છે કે નહિ તે જાણવા માટેના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

મોડાસા નગરપાલિકાના બાંધકામ શાખાના એન્જીનીયર દેવાંગ સોની સાથે આ મુદ્દે ટેલીફોનીક વાત કરતા ઈજનેરે જણાવ્યું હતું કે ગેરકાયદેસર બાંધકામ થઈ રહ્યું હોવાનું જાણવા મળતા નગરપાલિકાની બાંધકામ શાખાની ટીમ દ્વારા પંચનામુ કરી શોપિંગ સેન્ટરના માલિક દ્વારા શોપિંગ સેન્ટરના બાંધકામ પૂર્વે નગરપાલિકામાંથી અને જવાબદાર તંત્રમાંથી મંજુરી લેવાઈ હોય તો આધાર પુરાવા રજૂ કરવા નોટીસ ફટકારી બાંધકામ અટકાવી દેવા મનાઈહૂકમ કરેલ છે.

## વેજપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સહાય અપાઈ

ભિલોડા, તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર પ્રાથમીક શાળામાં હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન, અમદાવાદ ધ્વારા વિદ્યાર્થીઓને ગણવેશ, સ્કુલ બેગ, મીનરલ વોટર પ્લાન્ટ, પાણીની ટાંકી બે સહિત વિવિધ ચીજવસ્તુઓ સહાય આપવાનો કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, જશુભાઈ અસારી, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, અમદાવાદ હેડ એચ.આર.ઓ. એસ. એસ. કિરણ, નરસિંહભાઈ નિનામા, વેજપુર પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વેજપુર પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.




અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બેડાસણ ગામના બેડાસણ પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓને હિન્દુસ્તાન પેટ્રોલિયમ, અમદાવાદ ધ્વારા સ્કુલ યુનિફોર્મ અને સ્કુલ બેગ, તિજોરી કબાટનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે સી.એચ.કિરણ, નરસિંહભાઈ નિનામા,ગીરીશભાઈ પ્રજાપતી, બેડાસણ પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર, એસ.એમ.સી.ના સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખલવાડ ગામમાંથી દેશી-વિદેશી ઝડપાયો

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખલવાડ ગામમાંથી રૂા.૪૭,૦૦૦/-નો વિદેશી ઝડપાયો છે. અરવલ્લી જીલ્લા એલ.સી.બી. પોલીસ અને ભિલોડા પોલીસએ બાતમીના આધારે ખલવાડ ગામના રહેવાસી જગદીશભાઈ કલાસવાના ઘરે તપાસ કરતાં પાસ પરમીટ વગર દેશી અને વિદેશી દારૂ રૂા. ૪૭, ૦૦૦/- ઝડપી લીધો હતો. ભિલોડા પોલીસએ જગદીશભાઈ કલાસવા વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

## ભિલોડા જન સેવા સંઘના કલાર્કનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા, તા.૮

ભિલોડા જન સેવા સંઘના ક્લાર્ક વસંતભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા જન સેવા સંઘ વહીવટદાર કમલેશભાઈ મહેતા અને સ્ટાફ પરીવાર ધ્વારા વસંતભાઈ પટેલને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનભેર વિદાય અપાઈ હતી.

# મેઘરજ તાલુકાના આઠ રાજીવ ગાંધી ભવન શોભાના ગાંઠીયા : બે કરોડનું આંધણ

મોડાસા, તા.૮

વિકાસ કરવા માટે અને જનતાના વિવિધલક્ષી ઉપયોગ માટે રાજય સરકાર દ્વારા પંચાયતના ગામે રાજીવગાંધી ભવન (પંચાયત ઘર) ૧૫ લાખના ખર્ચે મેઘરજ તાલુકામાં આઠ નંગ બાંધેલ છે. જેમ કે ધંધીયા-ઈટવા-તરકવાડા (ખાખરીયા) એમ અન્ય ગામોમાં ૧૫થી ૨૦ લાખના ખર્ચે છેલ્લા બે વર્ષથી બનાવેલ છે પરંતુ ગાંડા માણસો પણ આ ભવનોની અવદશા જોઈને ઉદગાર નાંખે છે કે સરકારે આ મોટી રકમનું આંધણ મૂકયુ પરંતુ આજે આ ભવન જંગલની ઝાડીમાં બન્યા હોય તેવા દેખાય છે. આજે આ ભવનો કાચા છે કે પાકા-નિયમ મુજબનું કામ થયું છે કેમ. તળીયા-સ્લેબ વગેરે કામોમાં કેવા છે તેની પણ ચકાસણી કરવામાં આવી નથી સરકારે પૂરા નાણાં ચૂકવ્યા કે કેમ? પૂરા નાણાં વપરાયા હોય તો શા માટે ભવનો પંચાયતને સોંપાયા નથી. આવો જ પ્રશ્ન તરકવાડા પંચાયતની મીટીંગમાં ઉપસ્થિત થયો હતો. ઉપરની



તસવીર તરકવાડા પંચાયત રાજીવ ગાંધી ભવનની છે જે ખાખરીયાના સીમાડે બનાવેલ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

## મોયદ પ્રાથમિક શાળામાં રંગોત્સવ વિદાય સમારંભ યોજાયો

સલાલ, તા. ૮

પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે આવેલી મોયદ જુથ પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ રંગોત્સવ અને વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. મોયદ જુથ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા મોયદ ગામના જ પુષ્પાબેન હરખભાઈ પરમાર વય મર્યાદાથી નિવૃત્ત થતાં શાળા પરિવારે તેમજ સ્નેહીઓ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જયારે શાળા પરિવારે રંગોત્સવ કાર્યક્રમ યોજયો હતો. નિવૃત્ત થતા પુષ્પાબેનને શ્રીફળ આપી વિદાય અપાઈ હતી. આ પ્રસંગે શાળા પરિવાર તથા સ્નેહીજનો હાજર રહ્યા હતા.

## દિયોદર શાળા ખાતે આજ કી શામ બેટીઓ કે નામ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

દિયોદર, તા. ૮

દિયોદર પ્રાથમિક શાળા નં. ૩ આયોજીત વાર્ષિકોત્સવ-૨૦૧૬ અંતર્ગત 'આજ કી શામ બેટીઓ કે નામ'' કલ્ચર ઓફ યુનિટીને ઉજાગર કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના બાળકો દ્વારા શબ્દ-સુર તાલ અને લયના સમન્વયમાં તન્મય કલાકાર વૃંદની કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય કેશાજી ચૌહાણ, શાળાના આચાર્ય મુકેશભાઈ ત્રિવેદી, રાણાભાઈ પી. પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, ચેલાભાઈ પટેલ, પોપટજી ઠાકોર, અંબારામ જોષી, ભદ્રસિંહ રાઠોડ, હસમુખભાઈ મહેશ્વરી, નરેશભાઈ, પી.પી. વકિલ, સી.કે. અખાણી, નટુભાઈ ચૌહાણ તથા એસ.એમ.સી. દિયોદર-૩ તથા દિયોદર શાળા નં. ૩ના પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસા એમએસસી કોલેજનું ગૌરવ

મોડાસા, તા. ૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં ઓક્ટો-ડિસે-૨૦૧૫માં લેવાયેલી એમએસસી (સીએ અને આઈટી) સેમીસ્ટર-૫ યુનિવર્સિટીની પરીક્ષામાં મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ વી.વી. શાહ એમ.એસ.સી. (સીએ અને આઈટી) કોલેજની વિદ્યાર્થીની શર્મા ઉર્વી શૈલેષકુમારે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં છઠ્ઠો અને સોલંકી પાયલ રાકેશકુમારે નવમો ક્રમાંક મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં કોલેજનું પરિણામ ૭૯ ટકા લાવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

## મુનાઈ ગામમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં વિશ્વ આરોગ્ય દિન,ડ ા.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે દલિત વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ, લક્ષદિપ હેલ્થ કેર, ભિલોડા ડાૅ. કુ.વિશાલદેવ ડી. સાહેબ, કુ.શૈલદેવ ડી.સાહેબ, મુનાઈ ગામ આરોગ્ય સમિતી ધ્વારા મુનાઈ ગ્રામ પંચાયતમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. સ્વ. લક્ષ્મીબેન પરમાર(ફિમેલ હેલ્થ વર્કર)ના સંદેશને સાર્થક કરવા તેમની ડાૅક્ટર બે દિકરીઓ ધ્વારા માતૃઋણ અદા કરવા મફત નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે મુનાઈ ગ્રામ પંચાયત સરપંચ રેખાબેન જશુભાઈ પટેલ, ડે. સરપંચ જીતુભાઈ ભાટીયા, દિલીપભાઈ પરમાર સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના હવામાનમાં અણધાર્યો પલટો

## વાદળો છવાયા, ધીમી ગતિના પવનો ફૂંકાયા, પ્રજાજનોને બફારાનો અનુભવ

મોડાસા, તા. ૮

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં પાછલા ત્રણેક દિવસથી વહેલી સવારે સહિત વાઈરલ ઈન્ફેકશનના દર્દીઓમાં વધારો થવાની સંભાવનાથી પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા.

બન્ને જિલ્લાઓમાં છેલ્લા પ્રજાજનો બદલાયેલા હવામાનથી સવારે ઠંડી, બપોરે ગરમી અને સાંજના ખુશનુમા વાતાવરણનો અહેસાસ થઈ રહ્યો છે. આવા મિશ્ર



વાતાવરણમાં પલટવાર થતો હોય તેમ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. બપોર બાદ વાદળો વિખેરાતા ગરમીના તાપમાનમાં વધારો થવાની સાથે પ્રજાજનો બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હજુ તો ઘઉં ખળાઓમાં પડ્યા છે, કોઈ ક ઠેકાણે હજુ લણણી થઈ રહી છે ત્યારે વાદળો ઘેરાતા ખેડૂતો અસંમજસમાં પડ્યા છે. વાતાવરણમાં ત્રણ ઋતુનો અહેસાસ થતા તાવ, શરદી, ઉધરસ ત્રણેક દિવસથી વહેલી સવારે સવારથી જ હવામાને રૂખ બદલતા આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવતા ભૂમિપુત્રોની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ત્યારે બીજી તરફ આ પલટાયેલા હવામાનથી ખેતીને પણ નુકશાન થાય તેવી ભીતી સેવાઈ રહી છે.

અરવલ્લી સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં ધીમા પગલે ગરમીનો અહેસાસ અનુભવતા વાતાવરણમાં શરદી, તાવ અને ઉધરસના દર્દીઓમાં પણ વધારો થતા આવા દર્દીઓની સંખ્યામાં એકાએક વધારો થવાનો પ્રજાજનોને ભય સતાવી રહ્યો છે. રવિ સિઝનનો મુખ્યત્વે એવો ધાન્ય પાક ઘઉંનું વાવેતર કરનાર ભૂમિપુત્રોનો તૈયાર પાક ખળામાં પડ્યો છે તેમજ હજુ મોટાભાગનો પાક ખેતરમાં ઉભો છે ત્યારે ઘઉંના પાકની ગુણવત્તા પર અસર થવાનો ભય સતાવી રહ્યો છે.

# દિયોદરના લક્ષ્મીપુરા વિસ્તારમાં ભુગર્ભ ગટરનું પાણી ઘરઆંગણે ઉભરાતા રહિશોમાં રોષ

## પાણીનો ભરાવો રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો, રોગચાળો ફેલાવાનો ભય

દિયોદર, તા. ૮

દિયોદર શહેરમાં દરેક સોસાયટી અને વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ભુગર્ભ ગટર લાઈન નાખવામાં આવી છે. પરંતુ આ ભુગર્ભ ગટર લાઈન નાખવામાં આવી હતી. જેમાં ઘરોની આગળ ગટરો બનાવી ઢાંકળ ઢાંકી દેવામાં આવ્યા હતા. જેમાં ગટર અંદર કચરો ભરાવાથી આ ગટરો દુષિત પાણીથી નીકળી શકતા નથી. આ બાબતે લક્ષ્મીપુરા વિસ્તારના લોકોએ આ અંગે યોગ્ય નિકાલ લાવવા માટે ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજુઆત કરી છે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં



ગટરલાઈનમાંથી પાણી ઉભરાઈ ભરાવો થતો હોવાથી અનેક વિસ્તારમાં મચ્છરનો ઉપદ્રવ વધતા રોગચાળો ફેલાવનો ભય ઉભો થતા રહિશોએ તંત્ર સામે રોષ ઠાલવ્યો છે.

દિયોદર શહેરમાં આવેલ લક્ષ્મીપુરા વિસ્તારમાં દોઢ વર્ષ અગઉ ઉભરાઈ હતી. જેમાં આ દુષિત પાણી આ વિસ્તારમાં ભરાવો થતા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો મોટો ભય ઉભો થયો છે. આ વિસ્તારના રહિશોના ઘરો આગળ પાણી ભરાઈ રહેતા રહિશો ઘરોમાંથી બહાર પ્રાથમિક શાળા પણ આવેલી છે. જેમાં નાના ભુલકાઓ અભ્યાસ અર્થે નીકળે તો અહિથી પસાર થાય છે. જેના કારણે ભવિષ્યમાં રોગચાળો ફેલાય તે પહેલા યોગ્ય નિવારણ લાવવા માટે રહિશો માંગ કરી રહ્યા છે.

# રખિયાલમાં મેશ્વો નદી પર ૮ કરોડના ખર્ચે પુલ બનશે

મોડાસા, તા. ૮

અરવલ્લીના મોડાસા તાલુકાના રખિયાલ તથા સરડોઈ ગામ સહિત ૧૦થી વધુ ગામોને જોડતો પુલ છેલ્લા કેટલાય સમયથી તુટી ગયો હતો જે ૮ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર થતા આજે કેબિનેટમંત્રી નિતીન પટેલના વરદ હસ્તે તેનું ખાતમુહૂર્ત રાખવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પદાધિકારી, અધિકારી સહિત ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

અરલ્લીના મોડાસ તાલુકાની મેશ્વો નદી પર રખિયાલ તથા સરડોઈ સહિતના ૧૦ ગામોને જોડતો ડીપ વર્ષો પહેલા પૂરના કારણે તુટી ગયો હતો. જેના લીધે ૧૦ ગામોની હજારોની જનસંખ્યાને નદી ઓળંગવામાં તકલીફ પડતી હતી. આ અંગેની દરખાસ્ત મોડાસા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સરકારમાં કરવામાં આવતા ૮ કરોડના ખર્ચે પુલ બનાવવાની મંજૂરી અપાઈ હતી. આજે રાજય સરકારના કેબિનેટ મંત્રી નિતીન પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, કલેક્ટર સી. છાકછૂઆક, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના વરદહસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મોડાસા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના ઈન્ચાર્જ નાકાઈ આર.એમ. પટેલ, એસ.ઓ. પરમાર સહિત વિવિધ અધિકારી, પદાધિકારી તથા ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.